# નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.

***શ્રી એચ.ટી.ભલસોડ,***
***કાર્યપાલક ઈજનેર,***

ફોન નંબર :–(૦૨૬૩૭) ૨૮૨૭૭૧–૭૫
(૧૧૭૫ /૧૧૭૬)
મોબાઈલ નંબર :– 9974063093
Email: eenaunavsari@gmail.com /ee@nau.in

જા.નં. ન.કૃ.યુ.કાઈ/બી–૭/ ૮૧૧૪ /૨૦૧૨. તારીખઃ–૧૩/૭/૨૦૧૨.

## પરિપત્ર

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી મુખ્ય કેન્દ્ર ખાતે યુનિવર્સિટીના રહેણાંકના મકાનો ખાલી કરનાર તથા નવુ મકાન મેળવનાર અધિકારીશ્રી / કર્મચારીઓ તેમના મકાનમાં યુનિવર્સિટી ધ્વારા આપવામાં આવેલ GSPC GAS કંપનીના કનેકશન ચાલુ / બંધ કરવા નીચેની મુજબની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

(અ) મકાન ખાલી કરનાર અધિકારી / કર્મચારી તેમને ફાળવેલ મકાન ખાલી કરે ત્યારે ખાલી કરનાર ઈસમે અત્રેની કચેરીમાંથી ગેસ કનેકશન ચાલુ અને બંધ કરવાનું રહેશે. જેના માટે www.nau.in વેબ સાઈટ ઉપરથી GSPC GAS કંપનીનું TDA (Temporary Disconnection Application) નું ફોર્મ ડાઉનલોડ કરી અથવા અત્રેની કચેરીમાંથી રૂબરૂ મેળવીને ૨ (બે) નકલમાં કાર્યપાલક ઈજનેરશ્રીના જરૂરી સહી સીકકા કરાવી કનેકશન બંધ કરવાના નાણાં GSPC GAS કંપનીમાં ભરી, તેની મુળ રસીદ આ કચેરીને રજુ કર્યાબાદ જ તેમના કવાટર્સના કબજા સબંધી તેમજ તેમને મળવાપાત્ર હાઉસ રેન્ટ એલાઉન્સ બાબતે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ***નિવૃત્ત કર્મચારીના કિસ્સામાં આ કાર્યવાહી પૂર્ણ થયા બાદ જ તેઓને કુલસચિવશ્રીના પરિપત્ર ક્રમાંક જા.નં.નકૃયુ / રજી / અ–૩–૩ / ૯૨૩૧–૮૦ / નવસારી તારીખ :– ૨૨/૫/૨૦૧૨ મુજબ પ્રમાણપત્ર ઈસ્યુ કરવામાં આવશે.***

(બ) નવું મકાન લેનાર કર્મચારી / અધિકારીઓ તેમના કવાર્ટરમાં GSPC GAS કનેકશન ચાલુ કરાવવા માંગતા હોય તો તેઓ એ આ કચેરીનો સંપર્ક સાધી ગેસ કનેકશન ચાલુ કરાવવાનું ફોર્મ (Re-connection Application) માં જરૂરી સહી સીકકા કરાવી ગેસ કંપનીમાં કનેકશન ચાલુ કરવાના નાણાં ભર્યાબાદ તેની અસલ રસીદ આ કચેરીને રજુ કરવાની રહેશે જેથી આ સુવિધાનો લાભ લઈ શકાય આ બાબત સ્વૈચ્છીક હોય કર્મચારી / અધિકારીએ પોતાની ઈચ્છા અનુસાર નિર્ણય લેવાનો રહેશે.

ઉપરોકત બાબતે જરૂરી કાર્યવાહી હાથ ધરવા યુનિવર્સિટી કવાટર્સમાં રહેતા તમામ કર્મચારી / અધિકારીઓને જણાવવામાં આવે છે.

સદર બાબતે મા.કુલપતિશ્રીની તા.૧૦/૭/૨૦૧૨ના રોજ નોંધ ઉપર મંજુરી મેળવી આ પરિપત્ર બહાર પાડવામાં આવે છે.

**સહી/–**
**કાર્યપાલક ઈજનેર**